સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

સત્તાના કાદવ-કીચડમાં ખીલે છે કમળ!
ને ભાંગફોડ કરીને પણ, ખીલે છે કમળ!
શંકાના પૂરમાં થાય વમળની વિમાસણ -
કોઈનું પણ દાબો 'નિશાન' ખીલે છે કમળ
(યાંત્રિક - આકર્ષણ)

હાઈકુ

ધૂમાડો હોય!
- ત્યાં, અગ્નિ હોય નક્કી !
'મત-મશીન'

કરે વચ્ચેથી,
યમરાજનું પણ -
લ્યો! હાઈજેક...
(શંકાસ્પદ ૧૧ મૃત્યુ?!)

ચિંતન

હાડ બડા હરિભજન કર, દ્રવ્ય બઢા કુછ દે,
અક્કલ બઢી ઉપકાર કર, જીવન કા ફૂલ યે

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

અહીંયા કબીર કહે છે કે હાડ એટલે ઉંમર. ઉંમર જેમ વધતી જાય તેમ માણસની વૃદ્ધાવસ્થા નજીક આવતી જાય છે. ત્યાં શું કરવું ? એ માટે કબીર મનુષ્યને મોહ-માયા અને સર્વ સાંસારિક વળગણોથી મુકત થઈ પ્રભુસ્મરણ કરવાનું કહે છે. જિંદગીમાં વેપારમાં ખુબ દ્રવ્ય એકઠું કર્યું એ એકઠી કરેલી ધન દોલતને દાનમાં વાપરવાની સલાહ આપતાં કહે છે કે સંગ્રહ કરેલી મૂડી ક્યારેક ચોરાઈ જશે, એના કરતાં સદ્માર્ગે વાપરી લેવામાં જ શાણપણ છે.

એ જ પ્રમાણે તમે મેળવેલ જ્ઞાનનો પણ ઉપયોગ કરવાનું કરતાં કબીર કહે છે કે જ્ઞાન પણ નહીં વાપરો તો તેને કાટ લાગી જશે. આ રીતે તમારી પાસે જે કંઈ છે તેનો યોગ્ય માર્ગે ઉપયોગ કરવામાં અને વાપરવામાં જ જિંદગીની સાર્થકતા છે.

સુવિચાર

- ફક્ત હિંસાની તરકીબો જ બદલાશે ન કે હિંસા,
  ન બદલાય ન બદલાશે કદી ઈન્સાન ના નકશા - **શેખાદમ આબુવાલા**
- 'વ્યુ પોઈન્ટ' જ મતભેદ ઊભા કરાવનાર છે - **કાંતિ ભટ્ટ**
- જે સગવડો કળિયુગને લાવી છે તે જ સગવડો કળિયુગને કાઢશે - **આપ્તસૂત્ર**
- વીતરાગ થયો કોને કહેવાય ?
  આત્માને આત્માનાં સાધનો સિવાય બીજું કશું યાદ જ ના રહે - **દાદા ધર્માધિકારી**
- જયાં સુધી કર્તા છે ત્યાં સુધી મોક્ષ હોય નહીં, કર્તા જ ભ્રાંતિ - **એસ. ભટ્ટાચાર્ય**
- જગતમાં સફળથા પ્રાપ્ત કરવાના ઉન્નત થવાના કેવળ બે માર્ગ છે,
  એક તો પોતાના શ્રમ દ્વારા અને બીજો અન્યની મૂર્ખતાનો લાભ ઉઠાવીને - **લા બ્રુયેર**
- આજનું ઔષધ : તલના ફુલ, ગોખરું ને કોપરેલમાં નાખી તેનો લેપ કરવાથી માથાની ટાલ પડતી બંધ થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

આપણે સૌ અંદરખાને એવું ઈચ્છતા હોઈએ છીએ કે આપણી હાજરીની કંઈક નોંધ લેવાની જોઈએ. પણ આવું કેવી રીતે કરી શકાય તેની આપણને સમજણ હોતી નથી. એક યુવાનને એક મોટી મલ્ટીનેશનલ કંપનીમાં એમબીએ કર્યા પછી તરત સરસ નોકરી મળી. બીજા મેનેજરોની ઉંમરની સામે એ યુવાન સૌથી નાનો હતો. એ ઈચ્છતો હતો કે હવે કંઈક એવું કરી દેખાડું કે મારી હાજરી અને મારા સજેશનોની કંપની નોંધ લે. પણ એવું કંઈ થઈ રહ્યું ન હતું. યુવાને પોતાના એક પ્રિય પ્રોફેશર યાદ આવ્યા. તેણે એક રવિવારે તેમને મળવાનો સમય માંગ્યો. પ્રોફેશરે કહ્યું, 'હું રવિવારે સવારે ૮ વાગ્યે ક્લબના સ્નાનાગારમાં તરવા જાઉં છું ત્યાં જ રૂબરૂ મળીએ.' યુવાન સમયસર પહોંચ્યો. બંને જણા સ્નાનાગારની આસપાસ ચાલતા ચાલતા વાતોએ વળગ્યા. પ્રોફેસરની વાતો સાંભળીને યુવાનને કંટાળો આવતો હતો કારણ કે પ્રોફેસર કોલેજની, વાતાવરણની અને આજકાલના રાજકારણની વાતોમાં મસ્ત હતા. યુવાનને આવી વાતો સાંભળવામાં જરાય રૂચિ ન હતી. તેને તો પોતાની ઓફીસની સમસ્યા ઉપર વાત કરવી હતી... પ્રોફેશરે કહ્યું, 'આ સ્વીમીંગ પુલમાં કોણ વધુ હલચલ પેદા કરે છે તેવી રમત આપણે બે રમીએ.' યુવાનને આવી વાતોમાં લાગ્યું કે એનો સમય બર્બાદ થયો. છતાં એણે પાણીમાં તરવાની ટ્યુબ તેણે સ્વીમીંગ પુલમાં નાખી. જેનાથી પાણીમાં થોડી હલચલ જરૂર થઈ. ત્યારે પ્રોફેશરે કહ્યું, 'બસ, આટલી જ હલચલ ? પાણીમાં આવું બોલી તેમણે પાણીમાં છલાંગ લગાવી દીધી યુવાનને અંદાજ નહોતો કે આ શું થઈ ગયું. ત્યારે પ્રોફેશરે પાણીમાં તરતા તરતા કહ્યું, 'અગર તું ઈચ્છે છે કે તારી ઓફીસમાં તારી વાત સૌ કોઈ સાંભળે તો તારે એમાં ડૂબવું પડશે.' યુવાનને પ્રોફેસરની વાત તરત સમજાઈ ગઈ.

ગ્રંથાલયોની સમસ્યાઓ પ્રત્યે આંખમિચામણાં

તંત્રીસ્થાનેથી...

પાટનગરના એક ખૂણે ગુજરાતના ખૂણે ખૂણેથી ઠલવાયેલા ગ્રંથપાલો રાજય સરકાર સામે પોતાના વાજબી પ્રશ્નો ઉકેલવા માટે કાલાવાલા કરે તે દશ્ય હૃદય વિદારક જ લાગે, પરંતુ અલબત્ત, સરકારને હૃદય હશે કે કેમ એ મુદ્દે છેલ્લાં બાવીસ વર્ષથી એ બધા અવઢવ અનુભવે છે. સને ૧૯૯૬ પછી ગ્રંથપાલની જગ્યાઓ શાળા-કૉલેજોમાં ભરાતી જ નથી. જાણએ આ એક બિનજરૂરી આર્થિક ભારણ છે એવું જ અર્થઘટન કરવું રહ્યું ! બાવીસ વર્ષે આખી આખી એક પેઢી બદલાઈ જતી હોય છે. એક તરફ યુનિવર્સિટીઓમાં લાયબ્રેરી સાયંસનો અભ્યાસક્રમ ચલાવાતો રહેતો હોય અને એમાં ભણી ગણી સ્નાતક - અનુસ્નાતક બનેલા તજજ્ઞોને રસ્તે રઝળતા કરી દેવાય એ તે કેવો ન્યાય ! ગ્રંથાલય તો વિદ્યાદેવીનું મંદિર ગણાય. પરંતુ એ મંદિરને અપૂજ રાખવામાં આપણા તંત્રવાહકોને બાવીસ બાવીસ વરસ લગી કોઈ જ અપરાધબોધ અનુભવાતો નથી. દેશ આખામાં વિકાસના ગુજરાત મૉડેલની બોલબાલા છે, દુનિયાભરમાં 'વાઈબ્રાન્ટ ગુજરાત' ની વાહ વાહ થતી રહે એનું બરાબર મોનિટરિંગ કરાય છે, 'વાંચે ગુજરાત' જેવા કાર્યક્રમો વર્તમાન વડાપ્રધાનના નેતૃત્વમાં જ કરાયા હતા પણ વાંચનાર વાંચવા કયાં જશે? એને વાંચવા લાયક પુસ્તક કોણ શોધી આપશે ? - એની તો ચિંતા કોઈએ કરી જ નહીં. ગ્રંથનો પંથ રળિયામણો છે અને ગ્રંથો ભણી વળીશું તો જ ક્ષુલ્લક ગ્રંથિઓમાંથી મુક્ત થઈ શકીશું. ગ્રંથ એ તો જીવતોજાગતો જોગંધર છે. આ જ ગુજરાતની પુનિત ધરતીમાં વિશ્વમાં કયારેય અને કયાંક ન થતો હોય એવો ગ્રંથનો મહિમા થયો હતો. પાટણપતિ ગુર્જરનરેશ જયસિંહ સિંદ્ધરાજે તત્કાલીન 'કલિકાલ સર્વજ્ઞ' આચાર્ય હેમચંદ્રના 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' ગ્રંથને હાથીની અંબાડી પર સ્થાપિત કરી એની નગરયાત્રા કાઢી હતી. રાજાધિરાજ એ શોભાયાત્રામાં પગપાળા જોડાયા હતા. આવી ઘટના એક જૈનાચાર્ય રચિત ગ્રંથ નિમિત્તે સાકાર થઈ હતી. આજે ગુજરાતમાં જૈન મુખ્યમંત્રી છે. શું એમને ગ્રંથ અને ગ્રંથપાલની વર્તમાન દુર્દશા અકળાવતી નહીં હોય ? ગ્રંથપાલોની નાની સરખી જમાત રાજ સામે મોરચો માંડવાની હૅસિયત તો નથી ધરાવતી, પરંતુ જયારે વારંવાર રજૂઆતો કરવા છતાં સરકારના પેટનું પાણી ન હાલતું હોય ત્યારે નાછૂટકે એને સત્યાગ્રહનો એક પ્રતીક ઉપવાસનો પ્રયોગ કરવો પડ્યો હશે. જૂના વડોદરા રાજયમાં ગામે ગામ ગ્રંથાલયો અને વાચનાલયોની સ્થાપના કરાઈ હતી. આજે પણ એ પુસ્તકાલયોનાં જર્જરિત મકાનો તો છે. પુસ્તકોને ઉંધઈ ખાઈ ગઈ હોય તે બનવાજોગ છે, કારણ કે એનો રખેવાળ જ ગાયબ છે. ગુજરાત બીજી ઘણી બાબતોમાં આગળ હોઈ શકે છે, આપણે એનું ગૌરવ પણ લઈ શકીએ. પરંતુ જે શાળા કૉલેજોમાં ગ્રંથાલયોની સારસંભાળ લેનાર ગ્રંથપાલ જ ગેરહાજર હોય ત્યાં એ ગ્રંથોની કેવી કરુણ દશા થતી હોય તે પણ વિચારવું જ રહ્યું. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન તો દરેક મહાવિદ્યાલયમાં લાયબ્રેરી અને લાયબ્રેરી સાયંસની ઉપાધિ ધરાવનારા લાયબ્રેરિયનને અનિવાર્ય ગણે છે. ગુજરાત સિવાયનાં બીજાં ઘણાં રાજયોમાં ગ્રંથપાલોની ભરતી થતી રહે છે. સેન્ટ્રલ સ્કૂલો અને જવાહર નવોદય વિદ્યાલયોમાં ગ્રંથપાલની જગ્યાઓ ભરાતી રહે છે. ગુજરાત રાજય હસ્તકની શિક્ષણ સંસ્થાઓને ગ્રંથપાલ કેમ અળખામણો બની ગયો તે સંશોધનનો વિષય છે. ગ્રંથપાલને અધ્યાપક સમકક્ષ ગણવામાં પણ ગુજરાત સરકારને નાનમ લાગતી હોય તો જરૂર આ મુદ્દે ઊંડા ઊતરવું જ રહ્યું. આખરે આવનારી પેઢીના સર્વાશ્લેષી ચૈતસિક વિકાસની દૃષ્ટિએ પણ આ બધી ભૂલો વેળાસર સુધારી લેવાની જરૂર છે.

કૃણાલ વ્હાલની પળને આંખો મીંચી માણી રહ્યો હતો

નવાં કલેવર

નટવર હેડાઉ

કૃણાલ નિશાળેથી ઘેર આવતાં ખુબ ઉદાસ જણાતો હતો. તેના મનમાં ગડમથલ ચાલતી હતી. ઘરની શેરીમાં વળતાં તેના મિત્ર વિપુલે બોલાવ્યો પણ તે કંઈ ન બોલ્યો. કૃણાલનું આવું વર્તન જોઈ તેને પણ નવાઈ લાગી.

ઘરમાં આવતાં જ સીધો ને પોતાના ઓરડામાં જતો રહ્યો. નિશાળનું દફતર પલંગમાં પછાડી ધડામ દઈને ખુદ પણ પલંગમાં જઈ પડ્યો. થોડીવારમાં તેને ઊંઘ આવી ગઈ.

આ તરફ કાજલની નજર ઘડિયાળ પર જતાં તે ગભરાઈને વિચારવા લાગી. નિશાળ તો કયારની છૂટી ગઈ હશે. હજુ સુધી આ છોકરો કેમ આવ્યો નહીં. બહુ રમતિયાળ થઈ ગયો છે. ક્રિકેટ રમવા જતો રહ્યો હતો. બહુ રમતિયાળ થઈ ગયો છે. ક્રિકેટ રમવા જતો રહ્યો હશે કે પછી દોસ્તો સાથે ગામ ગપાટાંમાં લાગી ગયો હશે. હજુ સુધી કેમ આવ્યો નહીં ? આમ વિચારતાં તે બારણાં તરફ આગળ વધી. અને કૃણાલની રાહ જોવા લાગી. ત્યાં તો કોકીલાબા સામે આવતાં દેખાયાં. કાજલને જોતાં જ કોકીલાબાએ પૂછ્યું, 'વહુ, કેમ બહાર ઊભી છે? શું થયું ?'

'બા, કૃણાલ નિશાળેથી હજી સુધી આવ્યો નથી.'

'શું કીધું, મેં તેને કલાક પહેલાં ઘરમાં જતા જોયો છે.'

આટલું સાંભળતાં કાજલ સીધી કૃણાલના ઓરડા તરફ દોડી પડી. કૃણાલને જોઈને તેને સંતોષ થયો અને શ્વાસ હેઠો બેઠો. પરંતુ તેને વિચાર આવ્યો કે એ ભૂખ્યો તરસ્યો હશે. તેણે તેને જગાડ્યો.

'કૃણાલ ઉઠ, બેટા પહેલાં હાથ પગ ધોઈને જમી લે.'

મમ્મીનો અવાજ સાંભળીને કૃણાલ બેઠો થઈ ગયો. પણ કંઈ બોલ્યો નહીં. માં પણ તેના આ વિચિત્ર વર્તનને જોઈ અસંમજસમાં પડી ગઈ.

'કૃણાલ શું વાત છે? કેમ કંઈ બોલતો નથી? આટલો ગુમસુમ કેમ થઈ ગયો છે?' કાજલે દીકરા પર પ્રશ્નોત્તરી ઝડી વરસાવી દીધી. આ સાંભળી રીંસ સાથે કૃણાલે કહ્યું, 'મમ્મી, કંઈ નથી, બસ એમ જ' એટલું કહી તે ઓરડાની બહાર જવા લાગ્યો. કાજલે તેને પોતાના તરફ ખેંચી લઈ બાથ ભરી લીધી.

વારંવાર પૂછ્યા પછી છેવટે રડસમ ચહેરે કૃણાલે કહ્યું, 'મને કોઈ પ્રેમ કરતું નથી.'

'બેટા, આજ તું આવી વાત કેમ કરે છે ?'

કૃણાલ રડવા લાગ્યો. તેને જોઈને માંનો કંઠ પણ રૂંધાઈ ગયો. તેણે ફરી પૂછ્યું એટલે કૃણાલે કહ્યું, 'અમારાં નવાં મેડમે એમ કહ્યું કે જેનાં મમ્મી-પપ્પા છોકરાંઓને ખૂબ પ્રેમ કરે છે તે છોકરાંઓનાં હુલામણાં નામ રાખે છે અને વહાલભર્યાં એ નામથી બોલાવતાં હોય છે. અને જે પ્રેમ નથી કરતાં તે પોતાના બાળખોને અસલી નામથી બોલાવે છે.'

મારા કલાસમાં જેટલાં છોકરા છે તે સૌને તેમના મમ્મી-પપ્પા બિટ્ટુ, બબલુ, લાલો, દીકુ જેવાં નામે વ્હાલથી બોલાવે છે. જયારે મને બધા કૃણાલ કહીને બોલાવે છે જે મારું અસ્સલ નામ છે. આજ સુધી કોઈએ મને પ્રેમપૂર્વક હુલામણા નામે બોલાવ્યો નથી. કોઈએ મારું એવું નામ પણ રાખ્યું નથી તેથી મને લાગે છે કે મને કોઈ પ્રેમ કરતું નથી.

આટલું સાંભળતા જ કાજલે કૃણાલને બરાબરનો જકડી લીધો અને આંસુ ભરી આંખે જોવા લાગી તે રૂંધાયેલા સ્વરે બોલી, 'મારો કાળુ...'

કૃણાલના વાળમાં કાજલનો હાથ ફરતો હતો ત્યારે કૃણાલ વ્હાલની પળને આંખો મીંચી માણી રહ્યો હતો.

આપણી મનોવૃતિ : અપેક્ષાઓ રાખવાની છતાં વ્યક્ત નહિ કરવાની

આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

પોતાની અપેક્ષાઓ વ્યક્ત ના કરવી અને સતત ફરિયાદો કર્યા કરવી એવું પેલી સ્ત્રીનું તો એક ઉદાહરણ છે. હકિકતમાં આપણે પણ આ પ્રકારની મનોવૃતિનો ભોગ બન્યા હોઈએ અને કદાચ એવું જ વર્તન કરતાં હોઈએ. આપણે પણ આપણી અપેક્ષાઓ આપણાં સ્નેહીજનો સમક્ષ કદાચ વ્યકત ના કરતાં હોઈએ અને એ અપેક્ષાઓ પૂરી નહીં થવાની સતત ફરિયાદો કરતાં હોઈએ, આપણે પણ કદાચ કારણ વિના અપેક્ષાઓ પૂરી ના થવાથી આક્રોશ ઠાલવતાં હોઈએ એવું બની શકે. આમ આપનું જ નહિ આપણાં સ્નેહીજન કે આપ્તજનનું પણ આપણાં પ્રત્યે આ પ્રકારનું વર્તન હોય શકે. તેની ફરિયાદ, તેનો આક્રોશ, તેનો ગુસ્સો કે તેની નારાજગીનો આપણે ભોગ બન્યા હોઈએ એવું પણ બનતું હોય. ટૂંકમાં આપણે સૌ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ પ્રકારની મનોવૃતિનો શિકાર બન્યા હોય એવું શક્ય છે.

મહાભારતનું યુધ્ધ લગભગ નિશ્ચિત થઈ ચૂક્યું હતું. પાંડવો અને કૌરવો બંને યુધ્ધ કરવા માટે લગભગ મક્કમ થઈ ગયા હતા. એવા સમયે યુધ્ધ ટાળવાના છેલ્લા પ્રયાસરૂપે શ્રીકૃષ્ણ પાંડવો વતી સંધિનો પ્રસ્તાવ લઈને કૌરવો પાસે હસ્તિનાપુર જઈ રહ્યા હતાં. એ જ સમયે દ્રૌપદીએ શ્રીકૃષ્ણ સાથેના પોતાના સખી-સખા તરીકેના સંબંધોને નાતે નિખાલસતાથી, સ્પષ્ટપણે અને ક્રોધગ્રસ્ત થઈને પોતાની અપેક્ષાઓ રજૂ કરી. એ સમયે દ્રૌપદીએ શ્રીકૃષ્ણને આગ ઝરતાં વચનો સાથે કૌરવોને દંડ આપવાની પોતની અપેક્ષા વ્યક્ત કરી.. સ્વધર્મનું પાલન ન કરનારા કૌરવો જેવા ક્ષત્રિયોનો તો વધ જ કરવો જોઈએ એવું શ્રીકૃષ્ણને કહ્યું. પોતાને ભરી સભામાં ખેંચી લાવવામાં આવી હતી એ પ્રસંગની દ્રૌપદીએ શ્રીકૃષ્ણને સ્મૃતિ કરાવી.પોતાને વગર કારણે વનવાસ ભોગવવો પડ્યો એ વાત ના ભૂલશો એવી પોતાની અપેક્ષા છે એવું પણ શ્રીકૃષ્ણને કહ્યું. દ્રૌપદી શ્રીકૃષ્ણ પ્રત્યે આ પ્રકારની અપેક્ષા વ્યક્ત કરી શક્યા તેની પાછળનું એક સબળ કારણ દ્રૌપદીના શ્રીકૃષ્ણ સાથેના ગાઢ, સખા-સખી જેવા, આપ્તજન જેવા સંબંધો.

મહાભારતના ઉદ્યોગપરવામાં લખ્યું છે એમ દ્રૌપદીના આ પ્રકારની અપેક્ષા વ્યક્ત કર્યા પછી શ્રીકૃષ્ણએ દ્રૌપદીને એવું કહ્યું કે;

અહં ચ તત્કારિષ્યામિ ભીમર્જુનયમૈઃ સહઃ ॥
યુધિષ્ઠિરનિયોગેન દૈવાસ્ય વિધિનિર્મિતાત ॥
(ઉદ્યોગ પર્વ ૮૦, ૪૬)

"હે દ્રૌપદી, યુધિષ્ઠિરની આજ્ઞાથી અને નિયતિએ રચેલા વિધાન થકી ભીમ, અર્જુન, નકુલ, તથા સહદેવને સાથે રાખીને તે જ કરીશ જે તને મનગમતું હોય."

શ્રીકૃષ્ણ સંધિ માટે જતાં હતા છતાં દ્રૌપદી આ પ્રકારની વાણી શા માટે ઉચ્ચારીને શા માટે પોતાની અપેક્ષાઓ વ્યક્ત કરી હશે? દ્રૌપદીએ પોતાની અપેક્ષાઓ વ્યક્ત કરી પછી શ્રીકૃષ્ણએ પોતાના નિર્ણયમાં ફેરફાર કર્યો હશે કે કેમ, એ સમયે શ્રીકૃષ્ણના મનોભાવ શું હશે એ વિષે આપણે જાણતા નથી અને અનુમાનો પણ કરવા યોગ્ય નથી. શ્રીકૃષ્ણની વાણી ઉપરથી એક વાતની ચોક્કસ ધારણા કરી શકીએ કે દ્રૌપદી પોતાના શ્રીકૃષ્ણ સાથેના સંબંધોના નાતે પોતાની અપેક્ષાઓ વ્યક્ત કરીને પોતાના મનની વાત કરી દીધી અને પોતે શ્રીકૃષ્ણને એ દિશામાં વિચાર કરવા માટે વિવશ તો કરી જ દીધા હશે.

આપના સૌના મનમાં એક પ્રશ્ન ઉદભવે એ સ્વાભાવિક છે કે વ્યકિત કોઈપણ હોય, તે પોતાની અપેક્ષાઓ વ્યક્ત શા માટે નથી કરતી? તેની આ પ્રકારની મનોદશાનું કારણ શું હોય શકે ?

મનોવૈજ્ઞાનિકો અને વર્તનશાસ્ત્રના નિષ્ણાંતોના અભિપ્રાય મુજબ વ્યકિત પોતાની અપેક્ષાઓ વ્યક્ત ના કરીતિ હોય તેની પાછળનું એક કારણ એ હોય શકે કે વ્યકિત પોતે એવું માનતી હોય કે પોતાના સ્નેહીજન કે આપ્તજનને પોતાની અપેક્ષાઓ વિષે ખબર હોવી જ જોઈએ. માત્ર અપેક્ષાઓની ખબર જ હોય એ પૂરતું નથી પણ એ અપેક્ષાઓ તેઓએ પૂરી પણ કરવી જોઈએ.

અપેક્ષાઓ વ્યક્ત ન કરવા પાછળનું બીજું કારણ એ હોય શકે કે વ્યકિતનો અહમ આડે આવતો હોય. વ્યકિત પોતે એવું માનતી હોય કે મારે મારી અપેક્ષાઓ વ્યક્ત કરીને, મારો હાથ લાંબો કરીને મારે પોતે સ્નેહીજન પાસેથી શા માટે કઈ માંગવુ જોઈએ?

ત્રીજું કારણ એ હોય શકે કે વ્યકિતને એક પ્રકારનો ભય હોય છે કે પોતે અપેક્ષા વ્યક્ત કરશે પણ સ્નેહીજનો સ્વરા તેનો અનાદર થશે તો? પોતાનું અપમાન થશે તો? પોતાની અપેક્ષાઓ વ્યક્ત કરવા છતાં પૂરી ના થાય તો? આમ સોનાની જાળ પાણીમાં નાખવા કરતાં તેને વ્યકત ના કરવામાં જ તેઓ સલામતી માનતા હોય છે.

આમ સ્નેહીજનોને ખબર હોવી જોઈએ એવી માન્યતા, પોતાનો અહમ કે કોઈ છુપો ભય, પોતાની અપેક્ષા વ્યક્ત ન કરવા પાછળનું કારણ કોઈપણ હોય, પણ અપેક્ષાઓ વ્યક્ત ન કરીને અંતે તો વ્યકિતને પોતાની જાતે પીઃડા વહોરી લેતી હોય છે અને સ્નેહીજનોને પણ પીઃડા આપતી હોય છે.

શ્રીકૃષ્ણ તો અંતર્યામી છે, એ બધુ જાણતા હોય, પોતાના મનની વાત અને પોતાની અપેક્ષાઓ વિષે પણ શ્રીકૃષ્ણને ખબર જ હોય એવું માનીને દ્રૌપદીએ પોતાની અપેક્ષાઓ શ્રીકૃષ્ણ પાસે જો વ્યક્ત ના કરી હોત તો કદાચ સંધી પ્રસ્તાવ લઈને ગયેલા શ્રીકૃષ્ણએ કૌરવસભામાં પોતાનો પ્રસ્તાવ કઈ રીતે મૂક્યો હોત એ કલ્પના કરવી અશક્ય છે. દ્રૌપદીએ પોતાની અપેક્ષાઓ વ્યક્ત એટલે જ કદાચ શ્રીકૃષ્ણએ દ્રૌપદીને એવી હૈયાધારણ આપી કે "તે જ કરીશ જે તને મનગમતું હોય"

થોટ

નટવર આહલપરા

બદલાની ભાવના - વેરવૃત્તિ

'અવેરે જ શમે વેર, વેરથી વેર વધે છે.' પણ આજે આ પ્રેરક વિચારકણિકાને બદલવાની ભાવના-વેરવૃત્તિ ધરાવતા લોકો પી ગયાં છે.

સ્વાર્થ, વેરવૃત્તિથી
અંતર મેલા, જનનો શું સહવાસ ?
બોલે કંઈ ને કરતાં બીજું, એનો એ જ વિલાસ,
ભાગ્યમાં હોય તો મળશે, કરવો શું કંકાસ.

બદલાની ભાવનાથી કોઈ માતા, પત્ની, પુત્રી વિધવા થાય છે. વેરવૃત્તિથી ખૂનખરાબા થાય છે. વેરવૃત્તિથી મન મેલા થાય છે. પીઠ પાછળ ઘા કરનારા બોલે કંઈ ને કરે છે કંઈક. આવો એનો ભોગવિલાસ હોય છે. એટલી તો ખબર હોય જ ને કે, ભાગ્યમાં હશે તે મળશે પછી કંકાસ, ઝઘડા, બદલાની ભાવના, વેરવૃત્તિ શા માટે ?

લોકસાહિત્યના દુહો કેટલું કહી જાય છે.

મોતી ભાંગ્યુ વીંધતાં,
મન ભાંગ્યું કવેણ,
ઘોડો ભાંગ્યો ખેડતાં,
એને સાંધો ન કરેણ.

બદલાની ભાવના, વેરવૃત્તિથી એક વાર મન ભાંગી જાય પછી તેને સાંધી શકાતું નથી. આજે નાની એવી બાબતમાં બદલાની ભાવના, વેરવૃત્તિ વધે છે અને ભારેલો અગ્નિ બને છે. આ દુર્ગણોથી ઘણી વાર પરિવારની સુખ-શાંતિ હણાઈ જાય છે. આ બધું જ અજાણતા થાય તો તે વર્જ્ય છે પણ જાણી જોઈને ફરજિયાત થવા લાગ્યું છે.

બાળકો, યુવાનો, જમીન અને સ્ત્રીના ઝઘડામાં બદલાની ભાવના રખી મોટેરાં વેરવૃત્તિ બાંધે છે!

શિક્ષણ રાષ્ટ્રનું સાચું સંરક્ષણ છતાં ત્યાં ઘોર નિરાશા

જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ઉદાસ હતાશ અને નિરાશ થવાના કારણોનો આ યુગ વધુ ભયાવહ બની રહ્યો છે કારણ કે સમાજ જીવનનાં પ્રત્યેક અંગમાં વેદના, પીડા, પ્રશ્નો અને મુંઝવણો પ્રતિ દિન સતત્ વધતા જ જાય છે આ બાબતની પ્રતીતિ જયારે આપણે ટીવી પપર ચેનલ ખોલીએ કે વર્તમાનપત્રોનાં મુખ્ય સમાચાર વાંચીએ ત્યારે અવશ્ય થાય છે. બધાનાં સુખનો સરવાળો એ સામાજિક સંતોષ કહેવાય છે. રાષ્ટ્ર ઉપર ઉપરવાળાની ઘણી મહેરબાની છે પરંતુ લોકો દ્વારા થતા વ્યવહાર, વર્તન, ભાષા, વિચાર ઈત્યાદિના લીધે અજંપા અને વિપત્તિનો ઉદ્ભવ થાય છે, કહેવાય છે કે - શિક્ષણ દેશનું સાચું સંરક્ષણ છે અને તેમાં જો ગુણવત્તા ઘટવા લાગે તો તેની વિવિધ રીતે નકારાત્મક અસર પુરા મુલ્કમાં પડતી જોવા મળે છે. અગાઉના સમયમાં શિક્ષણ ખુબ ઉમદા અને સંતોષકારક હતું ભલે ત્યારે ભૌતિક સુવિધાઓની અછત વ્યાપક હતી. ગુરુ શિષ્ય સંબંધની ગરિમા ખૂબ ગર્વ લઈ શકાય તે પ્રકારની હતી. પ્રાથમિક શાળાઓ સરકારી જ હતી છતાં ત્યાં ભણતર મજબુત હતું. ભણતર અને ગણતર સમાંતર ચાલતા અને અભ્યાસુ વર્ગ પૂર્ણ નાગરિક બનીને જ સમાજને પોતાનું યોગદાન આપતો અને એ વાત આજે ભૂતકાળ બની ગઈ છે !! ગુરુ વિના જ્ઞાન મળે નહીં અને શિષ્ય થઈ રહેવામાં ઘણા ગુણો જરૂરી ગણાય છે છતાં સમયના પ્રવાહમાં વધુ પરિવર્તન થઈ ગયું છે

અને કાળક્રમે થતું જ રહે છે તેમ છતાં દુઃખ એ વાતનું છે કે શિક્ષણ વ્યાપક થઈ ધંધાદારી થયું અને ગુણવત્તા ખાડે ગઈ છે. ખાનગીકરણના લીધે પણ સવાલો વધ્યા છે ગુજરાતની હાલત અતિ ખરાબ હોવાની સ્પષ્ટતા તાજેતરના અહેવાલથી જાણવા મળી છે.

ખાનગી સ્કૂલો ઊંચી ફી લેવા તત્પર છે ત્યાં માળખાકીય સુવિધાઓ ઊભી કરાયેલી જોવા મળે છે. પરંતુ શિક્ષણની ગુણવત્તા અપેક્ષા મુજબ હોતી નથી તો સરકારી શાળાઓમાં પસંદગી બધાની હોતી નથી કેમ કે ત્યાં બધી જ બાબતોમાં અસંતોષ પ્રવર્તે છે તો સવાલ એ જ છે કે આ પ્રકારે શિક્ષણ ક્ષેત્રને ચૂંથી નાખવામાં આવ્યું છે. વર્ષો પહેલાં જે નક્કર હતું એ શ્રેષ્ઠ શિક્ષણને જન્મ આપતું હતું તેમાં એક સ્કૂલો બાબતે ઘણા બધા વિકલ્પો ના હતા, પ્રા. શાળાઓમાં પુષ્કળ મહેનત કરાવવામાં આવતી, લેશન ના કર્યું તો કલાસમાં જ દંડ થતો, ગુરુજનો વાસ્તવમાં ઉચ્ચ આદર્શો હતા, ટ્યુશન કલાસિસ હતા નહીં ને શાળાઓમાં વધારાના તાસ લેવામાં આવતાં, માસિક મૂલ્યાંકન થતું, પુષ્કળ અનુસાસન હતું, ગણિત જેવા વિષયોમાં પલાખા કે પાડા મોઢે કરવાની કાળજી લેવામાં આવતી, સ્કૂલ વર્કમાં આવડે નહીં તો પણ શિક્ષા કરાતી જેનો હેતુ વિદ્યાર્થીને મજબૂત કરવાનો જ મુખ્ય રહેતો.

પરીક્ષાઓમાં ચોરી કે કોપી અથવા પેપર લીક જેવી ઘટના ભાગ્યે જ થતી. ટૂંકમાં કહીએ તો શિક્ષણ નીતિઓ જ નક્કર હોય તેવું નથી. શિક્ષકો પાસેથી અન્ય કામો વિપુલ રીતે લેવાઈ રહ્યા છે. શાળાઓના ઈન્સ્પેકશનો તો ઔપચારિક કદાચ થતા હશે પણ જે ડ્રોપ આઉટ રેશિયો વધતો જાય છે અથવા ધોરણ-૮ના વિદ્યાર્થીઓને સરવાળા બાદબાકી ના આવડે કે સાચી ભાષા ના આવડેતો કઈ રીતે આપણે જઈ રહ્યા છીએ અને શું આ માર્ગે આપણે વિકસી શકીશું ? ગુજરાતના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પાસ થતા નથી. ઉચ્ચ હોદ્દાવાળી નોકરીઓની કસોટી જે લેવાય તેમાં ગુજરાત કંગાલ છે તે કડવી હકીકત છે! વહીવટી ઉચ્ચ જગ્યાઓ માટે ગુજરાતના યુવાવર્ગ પાસે ડિગ્રી અને લાયકાત હોય છે પરંતુ સ્પર્ધાત્મક સક્ષમતા જોવા મળતી નથી એટલે યોગ્ય જોબ પ્રાપ્ત થવામાં મુશ્કેલી જોવા મળે છે.

શિક્ષણની બાબતે અન્ય રાજયોની તુલનાઓ પ્રથમ દૃષ્ટિએ આપણને સંતોષ લાગે પણ ઉપલબ્ધિ બહુ અજંપો કરાવે તેવી છે ! સીધી અધિકારી વર્ગની લેખિત કસોટીઓ - બેન્કો સહિત જે લેવામાં આવે છે તેમાં ગુજરાતીઓ નિષ્ફળ જાય ત્યારે ઘોડા નાસી છૂટ્યા હોવાનો અનુભવ થાય છે. સમય મુજબ પ્રત્યેક સ્તરે શિક્ષણની ગુણવત્તા ઉમદા થાય તેની જરૂરી કાળજીની કમી સ્પષ્ટ દેખાત રહી છે. શિક્ષણ ફી અન્ય ખર્ચા વગેરેમાં પ્રત્યેક પરિવાર વાસ્તવમાં ખુબ જ પરેશાન છે છતાં આ તબક્કે સાચુ ઐક્ય નથી કે અવાજ નથી એટલે શિક્ષણ વેપાર બનીને રહી ગયું છે. પૈસાપાત્ર પરિવારો મોંઘી સંસ્થાઓમાં સંતાનોને પ્રવેશ કરાવી આપે અને સંતોષ માને છે પરંતુ ગુણવત્તાના માપદંડ બાબતે શું ? બધા ક્ષેત્રોમાં રાજકારણ ઘૂસાડવાનું હવે અટકી જાય તો સારું! વાલીઓનો વર્ગ અતિ પીડિત છતાં શિક્ષણની દશા અને દિશામાં માત્ર વિવિધ પ્રયોગો કરવામાં આવતા રહ્યા છે જે અંતે સમાજને પરેશાન કરે જ છે. જોબલક્ષી કશુ નહીં અને ડિગ્રીની માર્કેટ વેલ્યુ શૂન્ય થઈ રહે પછી સફળથા કે જે શિક્ષણથી પ્રાપ્ત થવી જોઈએ તે થતી નથી. પ્રાથમિક શાળાઓ કે જે ગ્રામ્ય સ્તરે ચાલે છે ત્યાં હાલત અતિ કંગાળ છે, ભણવા સિવાયનું બધું ચાલે છે ભારતના ભાવિની આ ચિંતન કરવાની બાબત છે જે નિષ્ઠાવન હોય તેને ભાવ ભરી સલામ પણ હવે સુધારણા થવી આવશ્યક છે. ભણતર ગણતર અને ચણતર બગડે પછી પરિવાર ઈમારત ધરાશાયી થાય તે નક્કી છે.

શેર આસ્વાદ :
મુસ્કુરાટ તબસ્સુમ, હંસી, કહકહે
સબ કે સબ ખો ગયે હમ બડે હો ગયે.